# BUSINESS મિત્ર

### શેરબજારમાં દરેક ઉછાળે નફાવસુલી ચાલુ રહી: બ્રોડર માર્કેટ નરમ રહ્યું

# બેઉતરફી વધઘટે સેન્સેક્સ-નિફ્ટી નજીવા ઘટાડા સાથે સપાટ બંધ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 28:** ભારતીય શેરબજાર ઐતિહાસિક સપાટીએ પહોંચ્યા બાદ સતત બીજા દિવસે અથડાઈને સપાટ બંધ રહ્યું હતું. ગઈકાલે શેરબજાર ઐતિહાસિક સપાટીએ સર કર્યા બાદ નફાવસુલી જોવા મળી હતી અને સેન્સેક્સ-નિફ્ટી નીચે તરફ સરકી ગયા હતા. જોકે, આજે પણ દિવસ દરમ્યાન બેઉતરફી અથડાતું જોવા મળ્યું હતું અને છેલ્લે નજીવા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. આજે પણ દરેક ઉછાળે નફાવસુલીનું દબાણ રહ્યું હતું.

આ ઉપરાંત, આજરોજ બીજા કવાર્ટરના જીડીપીના ડેટા જાહેર થવાના છે. તે પહેલા રોકાણકારોમાં સાવચેતીનો સુર જોવા મળ્યો હતો અને મિશ્ર વૈશ્વિક સંકેતોના કારણે મર્યાદિત ટેકો પુરો પાડ્યો હતો. નિફ્ટીએ આજે 26250 પોઈન્ટના આંકડાની નીચે સ્થિર રહ્યો હતો, તેની સાથે 26200 પોઈન્ટની સપાટી પણ તોડી નહતી.

સેકટર વાઈઝ જોઈએ તો આજે ઓઈલ એન્ડ ગેસ, રિયલ્ટી અને આઈટી શેરોમાં ઘટાડો જોવાયો હતો. જ્યારે ઓટો, ફાર્મા અને મીડિયા શેરો સુધર્યા હતા.

બીએસઈ સેન્સેક્સ 13.71 પોઈન્ટ એટલે કે 0.02 ટકા ઘટાડા સાથે 85706.67 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 85969 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નાચમાં 85577 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 12.60 પોઈન્ટ એટલે કે 0.05 ટકા ઘટીને 26202.95 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. જોકે, નિફ્ટી 26200ની સપાટી ટકાવી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 26280 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 26172 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 15.40 પોઈન્ટ એટલે કે 0.03 ટકા સુધરીને 59752.70 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે એઆઈએ એન્જિનીયરીંગ 11.13 ગણા, ટીમકેન ઈન્ડિયા 10.54 ગણા, વોલ્ટાસ લિ. 7.43 ગણા, એલઆઈસી 6.07 ગણા અને લેમન ટ્રી હોટલ્સ 4 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે કેએસબી લિ. 34.57 ગણા, વેલસ્પન લીવીંગ 20.72 ગણા, પુનાવાલા ફિનકોર્પ 7.72 ગણા, ગેઈલ ઈન્ડિયા 7.47 ગણા, ઝી એન્ટરટેઈનમેન્ટ 4.89 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ નરમાઇ જોવાઈ રહી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.04 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.13 ટકા ઘટ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નેગેટિવ જોવાઈ હતી. બીએસઈ ખાતે 1992 શેરો વધ્યા હતા, જ્યારે 2153 શેરો ઘટયા હતા અને 182 શેરો યથાવત રહ્યા હતા. નિફ્ટી ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સ 0.69 ટકા ઘટયા હતા. જેમાં ગેઈલ, જીએસપીએલ, બીપીસીએલ, ગુજરાત ગેસ, એચપીસીએલ, મહાનગર ગેસ, આઈઓસી, ઓઈલ ઈન્ડિયા, પેટ્રોનેટ એલએનજી અને ઓએનજીસી ઘટ્યા હતા, જ્યારે ઈન્દ્રપ્રસ્થ ગેસ, અદાણી ટોટલ ગેસ અને એજીસ લોજીસ્ટીકસ વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં મિશ્ર વલણ જોવાયો હતો. જેમાં રોકાણકારોએ ટેક વેલ્યુએશનમાં તીવ્ર ફેરફારો અને નાણાકીય નીતિની અપેક્ષાઓ બદલવા પર ચિહ્નિત થયેલ અસ્થિર મહિનાને પચાવી રહ્યા હતા. બીજી તરફ, અમેરિકન બજારોના ફયુચર બજાર સપાટ રહેતા એશિયન બજારો મિશ્ર રહ્યા હતા. જાપાનની ટોક્યોમાં હેડલાઈન ફુગાવો ઓકટોબરમાં ઘટીને 2.7 ટકા થયો હતો, જે અગાઉના મહિનાના 2.8 ટકા હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.08 ટકા અને કેક 0.15 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે ડેક્સ 0.02 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.11 ટકા, સ્ટ્રેઈટસ 0.32 ટકા, તાઈવાન 0.26 ટકા અને શાંઘાઈ 0.34 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 0.12 ટકા, કોસ્પી 1.54 ટકા, જકાર્તા 0.44 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

### ડોલરમાં 15 પૈસાની મજબૂતાઇ, 90 તરફ આગેકૂચ

કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો વધુને વધુ નબળો પડતો જોવા મળી રહ્યો છે અને નવા તળિયા શોધી રહ્યો છે, જે 90ની નજીક સરકતો જોવા મળ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 15 પૈસા તુટીને 89.46ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 89.31ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 104.02, પાઉન્ડ 117.71, કેનેડિયન ડોલર 63.90, ઓસ્ટ્રેલિયન ડોલર 58.14, જાપાનીઝ યેન 0.5724 અને સીંગાપોર ડોલર 68.81ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 89.46 રૂ. |
| યુરો | 104.02 રૂ. |
| પાઉન્ડ | 117.71 રૂ. |
| યેન | 0.5727 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -13.71 | 85706.67 |
| નિફ્ટી | -12.60 | 26202.95 |
| બેન્ક નિફ્ટી | 15.40 | 59752.70 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.07 | 3757.30 |
| સન ફાર્મા | 1.18 | 1831.60 |
| અદાણી એન્ટર | 1.12 | 2280.20 |
| આઇશર મોટર | 0.78 | 7053.50 |
| ડો. રેડ્ડીઝ લેબ | 0.76 | 1258.80 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એસબીઆઇ લાઇફ | 1.92 | 1966.00 |
| શ્રીરામ ફાઇ. | 1.84 | 851.65 |
| એચડીએફસી લાઇફ | 1.74 | 764.30 |
| પાવરગ્રીડ | 1.37 | 269.95 |
| ઇટર્નલ | 0.88 | 300.10 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.07 | 3757.80 |
| સન ફાર્મા | 1.17 | 1830.70 |
| કોટક બેન્ક | 0.79 | 2126.30 |
| એસબીઆઇ | 0.69 | 979.55 |
| એચયુએલ | 0.65 | 2467.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| પાવરગ્રીડ | 1.35 | 270.00 |
| ઇટર્નલ | 0.83 | 300.15 |
| ભારતી એરટેલ | 0.70 | 2101.05 |
| એકસીસ બેન્ક | 0.55 | 1280.25 |
| ટ્રેન્ટ | 0.41 | 4250.65 |

### અદાણી જુથમાં હિસ્સો વધાર્યો, NBCCમાં ઘટાડ્યો

# એલઆઇસીના પોર્ટફોલિયોમાં ફેરફાર

**અદાણી** જુથની એસીસીમાં વધુ 2 ટકા હિસ્સો ખરીદતા 10.59 ટકા હિસ્સો થયો

મુંબઇ, તા. 28: એલઆઈસીએ તેના પોર્ટફોલિયોમાં બે મોટા ફેરફાર કર્યા છે. કંપનીએ એનબીસીસી ઈન્ડિયામાં તેનો હિસ્સો ઘટાડીને 4.477 ટકા કર્યો છે. બીજી તરફ અદાણી જુથની કંપની એસીસીમાં વધારાના 2 ટકા હિસ્સો ખરીદ્યો છે. આ સાથે, એસીસીમાં એલઆઈસીનો કુલ હિસ્સો હવે વધીને 10.59 ટકા થયો છે.

આ બંને કંપનીઓએ આજરોજ સ્ટોક એક્સચેન્જને મોકલેલી નોટિસમાં આ માહિતી આપી હતી.

એનબીસીસીએ આજરોજ સ્ટોક એક્સચેન્જને મોકલેલી નોટિસમાં એલઆઈસીના હિસ્સા વિશે માહિતી આપી હતી. એનબીસીસીએ અહેવાલ આપ્યો છે કે એલઆઈસીએ 25 એપ્રિલ 2018 થી 24 નવેમ્બર 2025ની વચ્ચે કંપનીમાં 2.07 ટકા હિસ્સો વેચ્યો હતો. આ હિસ્સાના વેચાણ પહેલા એલઆઈસી પાસે એનબીસીસીમાં 6.548 ટકા હિસ્સો હતો, જે હવે ઘટીને 4.477 ટકા થઈ ગયો છે.

એનબીસીસીએ ભારત સરકારની માલિકીનો પીએસયુ સ્ટોક છે. સપ્ટેમ્બર ક્વાર્ટર સુધીના આંકડા મુજબ ભારતના રાષ્ટ્રપતિ પાસે કંપનીમાં 61.75 ટકા હિસ્સો છે.

એનબીસીસીએ આ મહિનાની શરૂઆતમાં તેના સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા હતા.

### નિફ્ટી 14 મહિના સુધી લગભગ સમાન સ્તરે

# છતાં 167 મ્યુચ્યુઅલ ફંડ્સે ડબલ ડિજિટ રિટર્ન આપ્યું

**કુલ** 278 ફંડ્સમાંથી 271 ફંડ્સે એસઆઇપી ઇન્વેસ્ટમેન્ટ પર પોઝિટિવ રિટર્ન આપ્યું

મુંબઇ, તા. 28: નિફ્ટી 50 છેલ્લા 14 મહિનામાં લગભગ સ્થિર રહ્યો હતો, પરંતુ સમય એસઆઈપી રોકાણકારો માટે ફાયદાકારક હતો. 278 ફંડ્સમાંથી, 271 ફંડ્સે હકારાત્મક વળતર આપ્યું હતું, જેમાં 167 એ ડબલ-ડિજિટ રિટર્ન આપ્યું હતું. વાસ્તવમાં, એસઆઈપીમાં, તમે દર મહિને એક નિશ્ચિત રકમનું રોકાણ કરો છો. જ્યારે બજાર નીચે હોય છે, ત્યારે તમને તે જ રકમ પર વધુ યુનિટ મળે છે અને જ્યારે બજાર ઉપર જાય છે, ત્યારે તે જ એકમો તમને વધુ વળતર આપે છે. આ જ કારણ છે કે આ દરમિયાન 167 ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ સ્કીમમાં ડબલ ડિજિટ રિટર્ન આપવામાં આવ્યું હતું.

ડેટા પર નજર કરીએ તો, 27 સપ્ટેમ્બર 2024ના રોજ, નિફ્ટીએ 26277 ના સ્તરે રેકોર્ડ બનાવ્યું હતું અને હવે આજરોજ તે 26202ના સ્તરે છે. જો તમે ફક્ત બજારમાં આ નાના વધારાને જોશો, તો એવું લાગે છે કે કોઈ મોટો ફાયદો થયો નથી. પરંતુ બજાર નિષ્ણાતો નિર્દેશ કરે છે કે આ એસઆઈપીનો જાદુ છે.

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૩૦૬૬૫ |
| તેજાબી સોનું | ૧૩૦૫૭૫ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૨૪૧૩૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૨૮૦૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૩૦૬૬૫૦ |
| ચાંદી (૯૯૯) | ૧૬૯૧૭૫ |
| ચાંદી સિક્કા | ૧૭૦૬૭૫ |

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૫૬૦ | કોપરેલ | ૭૮૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૩૬૦ | વનસ્પતિ ઘી | ૨૩૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૬૦ | સનફ્લાવર | ૨૧૭૦ |
| ક્પાસીયા (૧૫ કિ.) | ૨૪૫૦ | તલતેલ | ૫૦૦૦ |
| ક્પાસીયા (૧૫ લિ.) | ૨૨૫૦ | દિવેલ | ૨૪૫૦ |
| ક્પાસીયા (૫ લિ.) | ૭૯૦ | મકાઇ તેલ | ૨૪૦૦ |
| સરસીયું તેલ | ૨૯૫૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

# નોન-રેસીડન્ટને બક્ષિસ સંબંધી TDS

**ટેક્સ ટ્વિટર**
**વિરેશ રૂદલાલ**

ગત તા.22-11-2025ના અંકમાં આપણે નોન-રેસીડન્ટને T.D.S. સંદર્ભની કલમોની જોગવાઈ ઉપર એક નજર નાખી આજે વધુ એક પ્રાવધાન ચકાસીશું

ભારતમાંથી ભારત બહાર કોઈ બિનરહી (નોન-રેસીડન્ટ) ને બક્ષિસ મોકલવામાં આવે તો આવી બક્ષિસ ભારત બહાર ઉદભવતી આવક હોય તેના ઉપર આવકવેરાની જવાબદારી ઉપસ્થિત થતી ન હતી. આ છટકબારીને નાથવાના હેતૂસર ભારતમાંથી ભારત બહાર કોઈ નોન-રેસીડન્ટને બક્ષિસ મોકલવામાં આવે તો આવી બક્ષિસને તા-5-7-2029ના કલમ-9ના સુધારાથી A.Y.2020-21 થી ભારતમાં કરપાત્ર ગણી 30% લેખે TDS કાપવા અંગે કલમ-195માં સત્તા આપી છે

કલમ 9 (1) (Viii) અંતર્ગત કલમ-56(2) (X) ની બક્ષિસોને આવરી લીધી છે. જેમાં 5000થી વધુની રોકડ/ચેક બક્ષિસ સ્થાવર મિલકત વિગેરેનો સમાવેશ થાય છે.

જોકે કલમ 56(2)(X) અન્વયે NRI શખ્સ સગાસંબંધીની વ્યાખ્યામાં પડતા હોય, અથવા તેઓના લગ્ન પ્રસંગે, વિલ યાને વસિયત આધારે, જો આવા વ્યવહારો હોય તો આ T.D.S કાપવાની જોગવાઈ લાગૂ પડતી નથી.

**T.D.S રેઈટ**

» NRE અને FCNR ડિપોઝીટ વ્યાજ સંપૂર્ણ પણે કરમુક્ત છે. કલમ-10 (4) અને કલમ-10(15) (iv) (fa) માં આ અંગેના પ્રાવધાન છે.

» NRO વ્યાજ ઉપર 30% રેઈટ છે.

» ડિવિડન્ટ આવક 20%

» શેર્સ-સિક્યુરીટીઝ વેચાણ- 12.5% (23-7-2024 પછી લોંગ ટર્મ) શોર્ટ ટર્મ- 15%

» ભાડાની આવક 30%

» રોયલ્ટી, FTS 20 %

**ડેક્લરેશન**

નોન- રેસીડન્ટને પેમેન્ટ કરતા શખ્સોએ ઈન્કમટેક્સ પોર્ટલ ઉપર ફોર્મ 15CA અને 15CBના ફોર્મ ભરીને અપલોડ કરવાના છે. આવક કરપાત્ર નહિ હોય તો પણ ભરવું ફરજિયાત છે. વળી બેંક પેમેન્ટ કે રેમિટન્સ મોકલતા પહેલાં આ અંગેની વિગતો માંગે છે.

**T.D.S. રીટર્ન**

નોન રેસીડન્ટને પેમેન્ટ કરતાં શખ્સે ફોર્મ- 27Q ભરવાનું રહે છે. એપ્રિલ-જૂનના ત્રિમાસિક ફોર્મ 31/7, જુલાઈથી સપ્ટેમ્બરના 31/10 ઓક્ટોબર- ડિસેમ્બર 31/1 અને જાન્યુઆરી-માર્ચ 31/5 સુધી ભરવાના રહે છે.

T.D.S પત્રકો ભરવામાં મોડા થતાં પત્રકો માટે દરરોજના 200/- પેનલ્ટી, કલમ-271 I અંતર્ગત 1 લાખ રૂપિયાની પેનલ્ટી, મોડા ડિપોઝીટ માટે 1.5% મહિને વ્યાજ અને લેઈટ ડિડકશન માટે 1% મહિને વ્યાજ લાગૂ પડશે.

**મહત્ત્વની સ્પષ્ટતા કરતો પરિપત્ર**

પરિપત્ર નં. 715 તા-8-8-1995 અન્વયે વિવિધ સ્પષ્ટતાઓ થયેલ છે. સ્પોન્સરશીપ જાહેરાતો અંગે 194C, ભાડાની ચૂકવણીમાં કલમ 194Iમાં દરેક સહમાલિકની વાર્ષિક મર્યાદા અલગ અલગ ગણવાને લગતી, તબીબી સેવા માટે કલમ-194J મેઈનટેનન્સ કોન્ટ્રાક્ટમાં ટેકનીકલ સર્વિસ હોય તો 1-4-2020થી કલમ-194J હેઠળ 2% TDS રહેશે, વિગેરે સ્પષ્ટતાઓ છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૧૩ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ ’’ | ૧૨૩ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૧૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૦૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૬૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૦ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૨૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૧૮ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૪ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૬ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ ’’ | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |

# કર્ણાટકમાં સિદ્ધારમૈયા અને શિવકુમાર વચ્ચે મુખ્યમંત્રીની ખુરશી માટે ખેંચતાણ



કર્ણાટકમાં શાસક પક્ષ કોંગ્રેસમાં મુખ્ય મંત્રીની ખુરશીને લઈને વિવાદ વધી ગયો છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમાર વચ્ચેનો ઝઘડો જાહેરમાં ચાલી રહ્યો છે, જ્યારે પાર્ટી હાઇકમાન્ડ મૌન છે. કર્ણાટકમાં કોંગ્રેસની સત્તા આવી તેના અઢી વર્ષ પછી ડી.કે. શિવકુમાર ખાનગી કરાર હેઠળ મુખ્ય મંત્રી બનવા તત્પર છે તો મુખ્ય મંત્રી સિદ્ધારમૈયાએ પાંચ વર્ષ પૂર્ણ કર્યા પહેલાં પદ છોડવાનો ઇનકાર કર્યો છે. કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે સોશ્યલ મીડિયા દ્વારા મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને તેમનાં વચનની યાદ અપાવી હતી. સિદ્ધારમૈયા પર કટાક્ષ કરતાં તેમણે લખ્યું કે રાજ્યમાં પાંચ વર્ષની સરકાર દરમિયાન વચન આપ્યા મુજબ અઢી વર્ષના કાર્યકાળને પૂર્ણ કરવો જોઈએ. મુખ્ય મંત્રી સિદ્ધારમૈયાએ સોશ્યલ મીડિયા દ્વારા ડી.કે. શિવકુમારને વળતો જવાબ આપ્યો હતો. તેમણે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ X પર પોતાનાં કાર્યોની યાદી બનાવી અને લખ્યું કે તેઓ તેને પૂર્ણ કરવાનો ઇરાદો ધરાવે છે. ડી.કે. શિવકુમારને ટેકો આપતા ધારાસભ્યોનો દાવો છે કે જ્યારે ૨૦૨૩માં કોંગ્રેસની સરકાર બની ત્યારે ૨.૫ વર્ષના ધોરણે મુખ્યમંત્રીપદ માટે સોદો થયો હતો, પરંતુ સિદ્ધારમૈયાના સમર્થકો સતત આ વાતનો ઇનકાર કરતા આવ્યા છે. સિદ્ધારમૈયા મંત્રીમંડળમાં ફેરબદલના પક્ષમાં છે, જ્યારે શિવકુમાર ઇચ્છે છે કે પાર્ટી પહેલાં નેતૃત્વ પરિવર્તનનો નિર્ણય લે. કોંગ્રેસ પક્ષનાં વર્તુળોમાં એવી માન્યતા છે કે જો હાઇકમાન્ડ મંત્રીમંડળના વિસ્તરણને મંજૂરી આપે તો તે સિદ્ધારમૈયાના કાર્યકાળને ચાલુ રાખવાનો સંકેત આપી શકે છે, જેનાથી શિવકુમારના મુખ્યમંત્રી બનવાની શક્યતા ઘટી જશે.

શિવકુમારના સમર્થનમાં કેટલાક ધારાસભ્યો ૨૩ નવેમ્બરે દિલ્હી ગયા હતા. પાર્ટીનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, તેઓ હાઇકમાન્ડને મળવા માંગતા હતા અને શિવકુમારને મુખ્યમંત્રી બનાવવાની માંગણી કરવા માંગતા હતા.

૨૩ નવેમ્બરે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે બેંગલુરુમાં હતા પરંતુ શિવકુમાર તેમને મળ્યા ન હતા. અગાઉ ખડગેએ કહ્યું હતું કે પાર્ટી હાઇકમાન્ડ આ મુદ્દાને ઉકેલવા માટે સાથે મળીને કામ કરશે અને જરૂર પડ્યે મધ્યસ્થી પણ કરશે. શિવકુમાર છેલ્લા એક અઠવાડિયાથી રાહુલ ગાંધીનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

શિવકુમાર જૂથના ઘણા નેતાઓ અને ધારાસભ્યો દિલ્હીમાં છાવણી નાખીને કોંગ્રેસના નેતૃત્વ પર નિર્ણય માટે દબાણ કરી રહ્યા છે. દિલ્હી હાઇકમાન્ડ પરિસ્થિતિને સંભાળવાનો સતત પ્રયાસ કરી રહ્યું છે પરંતુ બંને નેતાઓની મહત્ત્વાકાંક્ષા અને સત્તા સંતુલન માટેની લડાઈએ મામલો વધુ જટિલ બનાવી દીધો છે. દક્ષિણ ભારતમાં આ એકમાત્ર મોટું રાજ્ય છે જ્યાં કોંગ્રેસ સત્તામાં છે, તેથી અહીંના વિકાસની સીધી અસર પાર્ટીના ભવિષ્ય અને તેની રાષ્ટ્રીય છબી બંને પર પડી રહી છે. વરિષ્ઠ પત્રકાર આદેશ રાવલ કહે છે કે ૨૦૨૩ માં કોંગ્રેસ હાઈકમાન્ડે નક્કી કર્યું હતું કે સિદ્ધારમૈયા અને ડી.કે. શિવકુમાર અઢી વર્ષ માટે મુખ્યમંત્રી રહેશે. તે બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, રણદીપ સુરજેવાલા, કેસી વેણુગોપાલ અને સોનિયા ગાંધી હાજર હતાં. ડી.કે. શિવકુમાર ઇચ્છતા હતા કે તે સમયે આ નિર્ણયની જાહેરાત કરવામાં આવે પરંતુ તે બન્યું નહીં. ખડગે ત્યારે માનતા હતા કે આમ કરવાથી સરકાર નબળી પડશે, પરંતુ હવે પાર્ટી તે વચન પૂર્ણ કરી રહી નથી, જેના કારણે તણાવ વધી ગયો છે. વરિષ્ઠ પત્રકાર શરદ ગુપ્તા માને છે કે જો આ કટોકટીનો સમયસર ઉકેલ નહીં આવે તો કંઈ પણ થઈ શકે છે. ડી.કે. શિવકુમારે કોંગ્રેસને ચેતવણી આપી છે કે જો તેમને મુખ્યમંત્રી નહીં બનાવવામાં આવે તો તેઓ પાર્ટી તોડી નાખશે. આપણે મહારાષ્ટ્રમાં જોયું કે કેવી રીતે શિંદેએ તેમના ધારાસભ્યો સાથે છેડો ફાડીને ભાજપ સાથે સરકાર બનાવી. જો ડી.કે. શિવકુમાર પણ આવું જ કંઈક કરે તો ભાજપ તેમને ટેકો આપી શકે છે.

હવે દિલ્હીમાં કોંગ્રેસ હાઈકમાન્ડ કર્ણાટકમાં રાજકીય સંકટનો ઉકેલ શોધવાનો પ્રયાસ કરી રહી છે. સમસ્યા એ છે કે સિદ્ધારમૈયા અને ડી.કે. શિવકુમાર બંને કર્ણાટકના રાજકારણમાં શક્તિશાળી નેતાઓ છે. જો હાઇકમાન્ડ એકની તરફેણમાં ઝુકાવ કરશે, તો તે બીજા જૂથને વધુ ગુસ્સે કરી શકે છે. આ વખતે કોંગ્રેસ માટે મોટી મુશ્કેલી છે. મુખ્યમંત્રી બદલાય તો પણ સમસ્યાઓ નહીં બદલાય. રાહુલ ગાંધી જાતિ વસ્તી ગણતરી વિશે વાત કરે છે. તેમનું રાજકારણ ઓબીસી, દલિત અને લઘુમતીઓનું છે. આ રાજકારણ ડી.કે. શિવકુમાર કરતાં સિદ્ધારમૈયાની નજીક છે. શિવકુમાર વિરુદ્ધ ઘણા કેસ છે. પાર્ટીને ડર છે કે કેન્દ્ર સરકાર તેમની વિરુદ્ધ જૂના કેસ ફરીથી ખોલવામાં મોડું નહીં કરે. ડી.કે. શિવકુમાર પર આવકવેરા અને અન્ય કેન્દ્રીય કાયદાઓનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે. કેન્દ્રીય એજન્સીઓ દ્વારા તેમની મિલકતો પર દરોડા પાડવામાં આવ્યા હતા અને તેમને જેલ પણ મોકલવામાં આવ્યા હતા. તે દરમિયાન સોનિયા ગાંધી જેલમાં શિવકુમારને મળવા પણ ગયા હતા.

વરિષ્ઠ પત્રકાર શરદ ગુપ્તાએ કોંગ્રેસના નેતૃત્વ પર સવાલ ઉઠાવતાં કહ્યું કે કાર્યકરોને ખબર નથી કે તેમના નેતાઓ શું કરી રહ્યા છે. જ્યારે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને પૂછવામાં આવે છે કે શું થશે, ત્યારે તેઓ કહે છે કે હાઇકમાન્ડ નિર્ણય લેશે. આનો અર્થ એ છે કે મલ્લિકાર્જુન ખડગે શોભાના ગાંઠિયા છે અને ગાંધી પરિવાર હજુ પણ બધું નક્કી કરે છે.

દરમિયાન, મંગળવારે કોંગ્રેસ પ્રમુખ, કર્ણાટકના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી બધાએ એક જ દિવસે નિવેદનો જારી કર્યાં હતાં. નાયબ મુખ્યમંત્રી અને કર્ણાટક કોંગ્રેસના પ્રમુખ ડી.કે. શિવકુમારે કહ્યું કે હું મુખ્યમંત્રી પરિવર્તન અંગે જાહેરમાં ટિપ્પણી કરીશ નહીં; આ અમારા ચાર કે પાંચ વચ્ચેનો ગુપ્ત સોદો છે. દરમિયાન મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ જણાવ્યું હતું કે પાર્ટી હાઇકમાન્ડે આ સમગ્ર મૂંઝવણ પર અંતિમ નિર્ણય લેવો જોઈએ, જેથી આ મુદ્દો શાંત થઈ જાય. તેમણે ઉમેર્યું હતું કે જો હાઇકમાન્ડ મુખ્યમંત્રી બદલવા અંગે કોઈ નિર્ણય લેશે તો તેઓ તેનું પાલન કરશે. દિલ્હીમાં કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે કર્ણાટકમાં નેતૃત્વ પરિવર્તન સંબંધિત મુદ્દાઓ પર જાહેર મંચ પર ચર્ચા કરી શકાતી નથી. રાહુલ ગાંધીને મળવા વિશે પૂછવામાં આવતાં તેમણે કહ્યું કે પાર્ટી પ્રમુખ ક્યાંય તેની ચર્ચા કરતા નથી. જો અમે મળીશું તો ચર્ચા કરવામાં આવશે.

અગાઉ કર્ણાટકના ડેપ્યુટી સી.એમ. ડી.કે. શિવકુમારે તેમના સી.એમ. પદ અંગેની અટકળોને ફગાવી દીધી હતી. શિવકુમારે શુક્રવારે એક્સ પર પોસ્ટ કરી હતી કે મુખ્યમંત્રી સિદ્ધારમૈયા તેમનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરશે. હું તેમને શુભકામનાઓ પાઠવું છું. મુખ્યમંત્રી અને મેં બંનેએ વારંવાર કહ્યું છે કે અમે હાઇકમાન્ડના આદેશનું પાલન કરીએ છીએ. શિવકુમારના નજીકના ધારાસભ્યો દિલ્હીમાં હાઇકમાન્ડ સાથે મળ્યા પછી ચર્ચા શરૂ થઈ કે ડી.કે. શિવકુમાર મુખ્ય મંત્રી બનવા માગે છે. જો કે, નાયબ મુખ્યમંત્રીએ કહ્યું છે કે જૂથવાદ મારા લોહીમાં નથી. મુખ્યમંત્રીએ મંત્રીમંડળમાં ફેરબદલ કરવાનો નિર્ણય લીધો છે. દરેક વ્યક્તિ મંત્રી બનવા માંગે છે, તેથી તેમના માટે દિલ્હીમાં નેતૃત્વ સાથે મુલાકાત કરવી સ્વાભાવિક છે. અમે તેમને રોકી શકતા નથી.

ડી.કે. શિવકુમારના નજીકના એક મંત્રી અને કેટલાક ધારાસભ્યો ગુરુવારે કોંગ્રેસના ટોચના નેતાઓ સાથે મુલાકાત કરવા માટે દિલ્હી ગયા હતા. ૨૦ મે, ૨૦૨૩ ના રોજ વિધાનસભા ચૂંટણીનાં પરિણામો જાહેર થયા પછી મુખ્યમંત્રી પદ માટે સિદ્ધારમૈયા અને શિવકુમાર વચ્ચે ઉગ્ર સ્પર્ધા થઈ હતી. કોંગ્રેસ પાર્ટી શિવકુમારને મનાવવામાં અને તેમને નાયબ મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરવામાં સફળ રહી હતી. તે સમયે રોટેશનલ મુખ્યમંત્રી ફોર્મ્યુલાના આધારે એક કરાર થયો હતો, જેના હેઠળ શિવકુમાર અઢી વર્ષ પછી મુખ્યમંત્રી બનશે, પરંતુ કોંગ્રેસ પાર્ટીએ સત્તાવાર રીતે તેની પુષ્ટિ કરી નથી. એવું માનવામાં આવે છે કે ડી.કે. શિવકુમારના કેટલાક વફાદારો ઇચ્છતા હતા કે તેમના નેતા મુખ્યમંત્રીની ખુરશી પર બેસે, માટે તેઓ દિલ્હીની મુલાકાતે ગયા હતા.

કર્ણાટક ભાજપે મંગળવારે નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારનો એક કૃત્રિમ બુદ્ધિનો વીડિયો બહાર પાડ્યો હતો. તેમાં ડી.કે. શિવકુમાર લેપટોપ પર ઓનલાઈન મુખ્યમંત્રીની ખુરશી ખરીદતાં જોવા મળે છે, પરંતુ જેમ જેમ તેઓ તેને પોતાની કાર્ટમાં ઉમેરે છે, તેમ તેમ સ્ક્રીન પર આઉટ ઓફ સ્ટોકનો સંદેશો દેખાય છે. કેપ્શનમાં લખ્યું છે કે ડી.કે. શિવકુમાર સ્પર્ધાથી બહાર છે.

**ટુ ધ પોઇન્ટ — સમકિત શાહ**

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**આપણે મહારાષ્ટ્રમાં જોયું કે કેવી રીતે શિંદેએ તેમના ધારાસભ્યો સાથે છેડો ફાડીને ભાજપ સાથે સરકાર બનાવી. જો ડી.કે. શિવકુમાર પણ આવું જ કંઈક કરે તો ભાજપ તેમને ટેકો આપી શકે છે**


**ગોપીતળાવ નવસારી બજાર, સુરત** — RAJHANS



**તેરે ઈશ્ક મેં**
* ધનુષ * કૃતિ સેનન
૯.૦૦, ૧૦.૦૦, ૧૦.૪૫, ૧૨.૧૫, ૧.૧૫, ૩.૩૦, ૪.૨૫, ૬.૪૫, ૭.૩૦, રાત્રે ૯.૩૦, ૧૦.૩૫

**લાલો: શ્રીકૃષ્ણ સદા સહાયતે**
ગુજરાતી : ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, રાત્રે ૧૦.૦૦

થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

**APPLE CINEMA**
ફ્રી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
: 8238380822 : @applecinemasurat
Book Tickets Now from : bookmyshow.com paytm

બે દિલોની દિલચશ્પ સ્ટોરી



**તેરે ઈશ્ક મેં** * ધનુષ * કૃતિ સેનન
૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૧.૩૫, ૧૨.૧૦, ૧.૧૦, ૨.૪૦, ૩.૨૦, ૪.૨૦, ૫.૧૦, ૬.૨૫, રાત્રે ૮.૧૫, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦, ૧૧.૨૦

**લાલો: શ્રીકૃષ્ણ સદા સહાયતે**
ગુજરાતી : ૯.૧૫, ૧૧.૧૫, ૨.૧૫, ૩.૪૫, ૪.૫૦, ૭.૨૫, રાત્રે ૮.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૫

**ઝૂટોપિયા-2** હિન્દી
૯.૦૦, ૧.૪૦, ૩.૦૫, ૬.૧૫, રાત્રે ૮.૨૦

**મસ્તી-4** (A)
૯.૦૦, ૪.૫૦, ૭.૨૫, રાત્રે ૧૦.૦૦

**દે દે પ્યાર દે-2**
૯.૦૦, ૨.૨૦, ૫.૪૫, ૭.૨૫

**આવવા દે..**
ગુજરાતી : ૧૨.૩૫, ૨.૧૫, ૭.૨૫

**મી નો પોઝ મી પ્લે**
હિન્દી : સવારે ૧૧.૦૫

**ચણીયા ટોળી** ગુજરાતી : ૯.૦૦, ૧૧.૪૦

**આત્મારામ લાઈવ** હિન્દી સવારે ૧૧.૫૦

**દશેરા** ગુજરાતી : રાત્રે ૮.૦૦

**રંગીલા** (રીપીટ) ૫.૧૦

ફકત રૂા. ૮૦/- થી શરૂ
બે દિલોની દિલચશ્પ સ્ટોરી



**તેરે ઈશ્ક મેં**
ધનુષ * કૃતિ સેનન
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

સુપરહીટ ગુજરાતી ફિલ્મ



**લાલો શ્રીકૃષ્ણ સદા સહાયતે**
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

**RUPAM CINEMA**
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.



**बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda**

નાનાવરાછા શાખા : ૧૨૭, શ્રેયસ ડાયમંડ સેન્ટર નાનાવરાછા રોડ,સુરત-૩૯૫૦૦૬ ફોન : ૦૨૬૧-2547379
E-mail : dbnvar@bankofbaroda.co.in

**કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)[સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]**

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**, ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩ (૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા.૦૯.૦૯.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ જામીનદાર **શ્રી રાકેશ રમેશભાઈ વસાવા (દેવાદાર) અને શ્રીમતી રોહીણીબેન રાકેશભાઈ વસાવા (સહ-દેવાદાર) અને શ્રીમતી મંજુબેન રમેશભાઈ વસાવા (સહ-દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૨૨,૨૯,૯૬૯.૮૬/- (રૂા. બાવીસ લાખ ઓગણત્રીસ હજાર નવસો ઓગણો સીત્તેર અને છયાસી પૈસા પુરા) + વ્યાજ અન્ય ચાર્જીસ** સાથે આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ એકટની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૨૫ મી નવેમ્બર ૨૦૨૫** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૨૨,૨૯,૯૬૯.૮૬/-** + વ્યાજ ને આધિન રહેશે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

તમામ હક, હિત સંબંધ ધરાવતી મિલકત કે જે 'વેલાકી ઘર' નો પ્લોટ નં. ૬૬, માપ ૮૪.૫૯ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા રોડ અને સીઓપી જમીન રે.સ નં. ૧૭૯/એ માપ ૧૩૦૧૫ ચો.મીટર, સીટી સર્વે નં. એનએ/૧૭૯/એ, સીટ નં. એનએલ૯૯ વોર્ડ/ ગામ. ઓરમા, તા. ઓલપાડ, જી. સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા **પુર્વ તરફ** : જોડેનોસોસાયટી નો આંતરીક રોડ, **પશ્ચિમ તરફ** : જોડેનો મિલકત પ્લોટ નં. ૬૧, **ઉત્તર તરફ** : જોડેની મિલકત નો પ્લોટ નં. ૬૭, **દક્ષિણ તરફ** : જોડેની મિલકત નો પ્લોટ નં. ૬૫

તા.૨૫.૧૧.૨૦૨૫ | સ્થળ : સુરત અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, નાનાવરાછા શાખા, સુરત



**વન વિભાગ સુરત**
**ટેન્ડરની જાહેર નિવિદા**

**TENDER NOTICE NUMBER: DCFSUR/TENDER/13/2025-26**

આથી ગુજરાત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ તથા તેને સમકક્ષ નોંધાયેલ ઇજારદારો/એજન્સીઓ પાસેથી નીચેના કોષ્ટકમાં જણાવેલ વિગત મુજબના ટેન્ડરની કામગીરીમાં રસ ધરાવતા ઇજારદારો/એજન્સીઓને બીડમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવે છે.

| Tender No. | Name of Work | Estimate Amount | Tender EMD | Tender Fee | Class of registration |
|---|---|---|---|---|---|
| 1 | CONSTRUCTION OF NEW FENCING WITH RCC POLE WITH 5 HORIZONTAL AND 2 DIAGONAL G.I. STEEL PAKKI BARBED WIRE 50 HECTOR PART 01 MEGRU ASSOSIATED PLANTED CHINNI AT DUMASH RANGE. | 776816.25 | 71645.00 | 900.00 | "E-1" Class & above. |
| 2 | CONSTRUCTION OF NEW FENCING WITH RCC POLE WITH 5 HORIZONTAL AND 2 DIAGONAL G.I. STEEL PAKKI BARBED WIRE 50 HECTOR PART 02 MEGRU ASSOSIATED PLANTED CHINNI AT DUMASH RANGE. | 701354.10 | | | |
| 3 | CONSTRUCTION OF NEW FENCING WITH RCC POLE WITH 5 HORIZONTAL AND 2 DIAGONAL G.I. STEEL PAKKI BARBED WIRE 20 HECTOR SHELTERBELT PLANTATION AT DUMASH RANGE. | 909984.75 | | | |
| | TOTAL | 2388155.00 | | | |

ઉકત કામના ટેન્ડર દસ્તાવેજો તારીખ ૨૯/૧૧/૨૦૨૫ થી તારીખ ૧૨/૧૨/૨૦૨૫ દરમિયાન ૧૮.૦૦ કલાક સુધી tender.nprocure.com ની વેબસાઇટ ઉપર ઓનલાઈન ભરી શકાશે તથા સદરહુ ટેન્ડર દસ્તાવેજની કોપી નીચે જણાવેલ સરનામે દસ્તાવેજ સબમીશન તારીખ ૧૭/૧૨/૨૦૨૫ ના રોજ ૧૭:૪૫ કલાક સુધી ટેન્ડરના ભૌતિક દસ્તાવેજો તથા ડી.ડી. સહીતની કોપીનું સીલ બંધ કવર અત્રે R.P.A.D./Speed Post થી મોકલવાના રહેશે અને કવર ઉપર ટેન્ડરની સંપુર્ણ વિગત, મોકલનારનું નામ અને સરનામું ખાસ લખવાનું રહેશે અને અધુરી કવરનોટ વાળા બીડરના કવરને ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

સરનામું: નાયબ વન સંરક્ષકની કચેરી સુરત વન વિભાગ, સુરત
ગંગેશ્વર મહાદેવ મંદિર રોડ ડી-માર્ટની સામે
અડાજણ, સુરત-૩૯૫૦૦૯.
ફોન નં.: ૦૨૬૧-૨૭૩૩૮૨૫
ક્રમાંક : માહિતી-સૂરત/૧૧૦૯/૨૦૨૫

-:S.D.:-
નાયબ વન સંરક્ષક
સુરત.